# પ્રેસનોટ

## ગુમ થયેલ બાળકી  શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળી આવતા તેના વાલી વારસ ને પરત સોંપતી " સી " ટીમ શાહીબાગ પોલીસ સ્ટેશન

માન.પોલીસ કમિશનર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશરશ્રી, સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, " એફ " ડિવિઝન, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એ.કે.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ શાહિબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ SHE TEAM દ્વારા પેટ્રોલીંગ ફરતા ફરતા સિવિલ હોસ્પિટલ ખાતે આવતા એક  બાળકી નામે કાજલ ઉ.વ.૧૪ ની મળી આવતા જેની પુછપરછ કરતા તેને જણાવેલ કે  " તેણીની તેમના દાદી સાથે મોટાવાસ, ગામઃ રણાસણ, તા.વિજાપુર, જિ.મહેસાણા વાળા સરનામે રહે છે અને આજરોજ બપોરના ઘરે તેના દાદીએ કામ બાબતે ઠપકો આપતાં ઘરેથી કોઇને કહ્યા વગર નિકળી ગયેલ અને પોતાના ગામથી  બસમાં બેસી અમદાવાદ સીવીલ ઉતરેલ અને આમતેમ આંટા મારતી  હતી તે વખતે પોલીસ જોઇ જતાં અત્રે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને તેને તેના મોટાબાપા રાજેન્દ્રકુમાર મંગળદાસ રાવલ ઉ.વ.૫૭, રહે.સી/૫૦૭, રાધીકા વિહારસોસાયટી, નવા નરોડા ખાતે રહેતા હોય અને તેમનો મોબાઇલ નંબર જણાવતી હોય જે નંબર આધારે સંપર્ક કરી તેઓને બોલાવી ખરાઇ કરી નિવેદન મેળવતાં આ કાજલ નાની તેમના નાનાભાઇ મહેશભાઇની દિકરી થતી હોય અને હાલમાં તે ઉપર જણાવેલ સરનામે ગામડે રહેતી હોય આ કાજલને કામ બાબતે ઘરેથી દાદીએ ઠપકો આપતાં ઘરેથી નિકળી ગયેલ છે અને આ સિવાય અન્ય કોઇ કારણ નહી હોવાનું જણાયેલ જેથી કાજલના મોટાબાપા રાજેન્દ્રકુમાર મંગળદાસ રાવલ ઉ.વ.૫૭, રહે.સી/૫૦૭, રાધીકા વિહારસોસાયટી, નવા નરોડા નાઓ લઇ જવા માંગતા હોય કાજલનો કબ્જો તેઓને સોંપી વિગતવારનું નિવેદન મેળવી પ્રશંશનીય કામગીરી કરેલ છે.